# ડીસા ખાતે ગરીબ કલ્યાણ મેળામાં ૪૮૫૨ લાભાર્થીઓને સહાય ચૂકવાઈ

## મંત્રી ફકીરભાઈ વાઘેલાને હસ્તે વિવિધ સહાયના ચેક અને કીટનું વિતરણ કરાયું

ડીસા, તા.૮

ડીસા તાલુકા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો શનિવારે ડીસાના ન્યુ ટી.સી.ડી. ક્રિકેટ મેદાન ખાતે એન્ડ ચેરીટેબલ એકેડેમીના ટી.સી.ડી. ક્રિકેટ મેદાન ખાતે રાજયના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ગઢવી સહિત પદાધિકારીઓ અને અધિકારીઓની ઉપસ્થિતિમાં તાલુકાના ૪૮૫૨ લાભાર્થીઓને રૂ. ૧૪૩૪.૫૩ લાખની સહાયનું



(તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

રાજયના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી ફકીરભાઈ વાઘેલાના હસ્તે ૪૮૫૨ લાભાર્થીઓને રૂ. ૧૪૩૪.૫૩ લાખની સહાય આપવામાં આવી હતી.

ગામડા અને શહેરના ગરીબ અને સાચા હકદાર લાભાર્થીને પોતાને મળવપાત્ર સહાય તેને હાથોહાથ મળે તે માટે રાજય સરકાર દ્વારા રાજયભરમાં ગરીબ કલ્યાણ મેળાઓ યોજવામાં આવી રહ્યા છે ત્યારે શનિવારે ધી ડીસા સ્પોર્ટસ ક્રિકેટ ફકીરભાઈ વાઘેલાના અધ્યક્ષ સ્થાને તાલુકા કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં કાંકરેજ મત વિસ્તારના ધારાસભ્ય બાબુભાઈ દેસાઈ, શહેર ભાજપ પ્રમુખ શશીકાંતભાઈ પંડયા, તાલુકા ભાજપ પ્રમુખ બાબુલાલ માળી, જિલ્લા પંચાયત વિરોધપક્ષના નેતા શાંતુભા વાઘેલા, જિલ્લા પંચાયત સદસ્ય કાનાભાઈ દેસાઈ, જિલ્લા ભાજપ કિસાન મોરચાના અધ્યક્ષ મગનલાલ માળી, જિલ્લા કલેકટર જે.બી.વોરા, પ્રાંત અધિકારી પ્રકાશ હડુલા, મામલતદાર નવલદાન વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માનવ મેદનીને સંબોધન કરતા મંત્રી ફકીરભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે, 'રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ભાજપ સરકારે રાજયભરના ગરીબ અને સાચા હકદાર લાભાર્થીઓને ઘર આંગણે જઈ ગરીબોને ગરીબીમાંથી બહાર લાવવા માટે અનેક યોજનાઓ અમલમાં મુકાઈ છે ત્યારે ડીસા ખાતે પણ સાચા લાભાર્થીઓને ભાજપની સરકારે સહાય આપી એક ઉમદા ઉદાહરણ પુરું પાડયું છે.'



બોભા ગામેથી ૨૧૧ પદયાત્રિકોએ રામદેવપીરના દર્શનાર્થે રણુજા જવા માટે પ્રસ્થાન કર્યું છે. બોભા ગામનો સંઘ છેલ્લા ૧૬ વર્ષથી અંદાજે ૭૦૦ કિ.મી.નું અંતર માત્ર ૧૪ દિવસમાં કાપી રામદેવડા પહોંચી નેજા ચઢાવી દર્શન કરી ધન્યતા અનુભવે છે. સંઘનું સંચાલન શક્તિ સેવા મંડળના પ્રમુખ આદરસિંહ રાઠોડ કરશે. સંઘનો ખર્ચ નટુભાઈ પટેલ દ્વારા પુરો પાડવામાં આવશે. સંઘને ગ્રામજનોએ તિલક કરી રામદેવપીરના જયજયકાર બોલાવી રવાના કર્યા હતા. (તસવીર સંજય રાવલ, પ્રાંતિજ)

## તલોદની સી.ડી. પટેલ હાઈસ્કૂલનું ગૌરવ

તલોદ, તા. ૯

જિલ્લા રમતગમત અધિકારી હિંમતનગર કચેરી દ્વારા શાળાકીય કબડ્ડી સ્પર્ધા બી.જે. હાઈસ્કૂલ જાદર મુકામે યોજાઈ હતી. જેમાં તલોદ તાલુકો જિલ્લા કક્ષાએ ચેમ્પિયન બન્યો હતો. અને કબડ્ડી સ્પર્ધામાં સતત ત્રીજીવાર સી.ડી.પટેલ હાઈસ્કૂલ જિલ્લામાં ચેમ્પિયન થવા બદલ સંસ્થાના પ્રમુખ રોનકભાઈ પટેલ, મંત્રી તુષારભાઈ પટેલ, આચાર્ય નારાયણભાઈ પટેલ તથા શાળા પરિવારે વ્યાયમ શિક્ષક એન.ડી. સડાલ તથા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ટ્રિનિટી સ્કુલ તલોદમાં સ્વંય શિક્ષકદિન ઉજવાયો

તલોદ, તા.૯

ટ્રિનિટ સ્કુલ તલોદમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ સ્વંય શૈક્ષણિક કાર્ય કર્યું હતું. દિવસના અંતે વિદ્યાર્થીઓ અનુભવો અને ડૉ. સર્વપલ્લીના જીવન પ્રસંગોને રજૂ કર્યા હતા.

અંગ્રેજી-ગુજરાતી માધ્યમના ૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્વંય શિક્ષકદિનમાં જોડાયેલ સર્વેને શાળા પરિવારે શુભેચ્છા પાઠવી હતી.

## ધનસુરા આકાશ શિશુ વિકાસના ભુલકાઓએ શિક્ષકદિન ઉજવ્યો

ધનસુરા, તા. ૯

ધનસુરાની ઓધવ વિદ્યામંદિર દિપ એજ્યુકેશન ગર્લ્સ હાઈસ્કૂલ અને જે.એસ. મહેતા હાઈસ્કૂલમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

શિક્ષક દિન હોવાથી આખો દિવસ ગુરુઓનું સ્થાન શિષ્યોએ લઈ કલાસરૂમમાં વિદ્યાર્થીઓને ભણાવ્યા હતા. આશ્ચર્યની વાત એ છે કે જે.એસ. મહેતા હાઈસ્કૂલના આકાશ શિશુ વિહારના નાના ભૂલકાઓએ ભાગ લઈ સાડી પહેરીને વર્ગમાં ભણાવતા જોઈ શિક્ષકગણ પણ પ્રભાવિત થઈ ગયો હતો. પ્રિયાંશી મહેતા નામની વિદ્યાર્થિનીના વર્ગનું શિક્ષણકાર્ય જોઈ બધા પ્રભાવિત થઈ ગયા હતા.

# ઊંઝાના ઉનાવા ગામના તળાવનું સૌંદર્ય હણાયું : તંત્રની બેદરકારી

ઊંઝા, તા.૯

ઊંઝા નજીકના સુપ્રસિધ્ધ યાત્રા સ્થળ ઉનાવા ગામે હાઈ-વે પર આવેલ મેમતળાવના દૂષિત પાણી વેલ અને ગંદકીના કારણે તળાવનું સૌંદર્ય હણાઈ ગયું છે તેમ છતાં લાગતા વળગતા તંત્રને કંઈ જ પડી નથી.

ઉનાવા ગામે મીરાદાંતાર દરગાહ પાસે હાઈ-વે પર અંદાજે ૮૪ વિઘા જેટલી જમીનમાં મહેસાણા જિલ્લા પંચાયત, સિંચાઈ વિભાગ હસ્તકનું મેમ તળાવ આવેલ છે. આ તળાવમાં છેલ્લા ઘણા વર્ષોથી ઊંઝા તરફથી આવતું ગટરનું દૂષિત પાણી તળાવમાં ભળે છે જેથી પાણી ઘણું જ દૂષિત બની ગયું છે. વધુમાં તળાવમાં લીલનું પ્રમાણ વધી ગયું છે. તેમજ કિનારા પર કચરો ઠલવાય છે જેથી ગંદકી ફેલાવા પામી છે. આના લીધે તળાવનું પાણી દુર્ગંધ મારે છે તેમાં મચ્છરોની ઉત્પત્તિ થઈ રહી છે.

વર્ષો પૂર્વે સ્થાનિક લોકો અને બહારથી અત્રે આવતા યાત્રિકો માટે આકર્ષણનું કેન્દ્ર બનેલ મેમ તળાવ છેલ્લા કેટલાક વર્ષોથી દૂષિત પાણી, ગંદકી કચરો અને આસપાસમાં ગેરકાયદેસર દબાણોને લીધે સાવ બિન ઉપયોગી બની જતા તેનું સૌંદર્ય હણાઈ ગયું છે. રોડ પરથી પસાર થતા લોકોને તેમજ વાહનચાલકોને અહીંથી પસાર થતી વેળા પોતાના મોં પર રૂમાલ મૂકવો પડે તેવી સ્થિતિ પેદા થઈ છે. તેમ છતાં જિલ્લા પંચાયતના સિંચાઈ વિભાગના અધિકારીઓને તળાવની જાળવણીની કંઈ જ પડી નથી.

ઉનાવા બેંક પરથી મહેસાણા જિલ્લા પંચાયતના સભ્ય ચૂંટાય છે. પરંતુ છેલ્લા ઘણા વર્ષોથી ચૂંટાયેલા પ્રજાના પ્રતિનિધિઓએ પણ તળાવ સંદર્ભે કોઈ નકકર કામગીરી કરી નથી પરિણામે લોકોમાં ઘેરા અસંતોષની લાગણી ફેલાઈ છે.

# બાયડમાંથી બાઈક ચોરનાર-રાખનાર ગેંગનો પર્દાફાશ

બાયડ, તા. ૯

સાબરકાંઠા જીલ્લામાં દીન પ્રતીદીન ગુનાખોરીના પ્રમાણમાં વધારો થઈ રહયો છે ત્યારે બાયડ તાલુકામાં જયારથી નવનીયુકત પી.એસ.આઈ. એસ. કે. બાબરીયાએ જયારથી બાયડ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.નો ચાર્જ સંભાળ્યો છે ત્યારથી તેમણે બાયડ તાલુકામાંથી ગુનાખોરીનો ક્રાઈમ રેટ ઘટાડવાના પ્રયાસો હાથ ધર્યા છે ત્યારે છેલ્લા કેટલાય મહીનાથી બાયડ તાલુકામાં બાઈક ચોરીના બનાવોની સંખ્યામાં વધારો થયો છે ત્યારે ગઈકાલે બાયડ પોલીસે અમુક વિસ્તારોમાં વોચ ગોઠવી સાદા ડ્રેસમાં પોલીસનો સ્ટાફ તૈનાત કર્યો હતો ત્યારે બાઈક ચોરનાર બાયડ પોલીસના જ એક કર્મચારીની બાઈક ચોરતો આબાદ રીતે ઝડપાઈ ગયો હતો.



(તસવીર : સમીર બલોચ, બાયડ)

આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર કડી તાલુકાના કલાલવાસ ગામે રહેતો આરોપી પ્રવીણભાઈ ભીખાભાઈ રાવળ તા.૨૮/૮ના રોજ બાયડ ખાતેની સંજીવની હોસ્પિટલ આગળથી બાઈકની ઉંઠાતરી કરી અને ફતેપુરાના મહેન્દ્રસિંહ ઝાલાને વેચી હતી. જયાર આ ગેંગે બીજી બાજુ ભાગ્યોદય હોસ્પીટલ કડી ખાતે ચોરી કરી હતી. જયારે મહેન્દ્રસિંહે તેમની બાઈક દાનભા ભવાનસીંહ ઝાલાને વેચી હતી. જયારે આ ગેંગનો એક આરોપી ઈશ્વરસિંહ હાલ ફરાર છે જેને શોધવા બાયડ પી.એસ.આઈ.એ ચક્રો ગતીમાન કર્યા છે. જયારે આ બન્ને શખ્સો વિરુદ્ધ બાઈક ચોરવા અને ગેરકાયદેસર રીતે ચોરીનો માલ ખરીદવાનો ગુનો નોંધી આગળની કાર્યાવાહી હાથ ધરી હતી.

# ડીસાના ભણશાળી તરફના માર્ગે ગટરના અભાવે પાણી ભરાતા સ્થાનિકજનો નારાજ

ડીસા, તા. ૯

ડીસા શહેરના બગીચાથી ભણશાળી તરફ જતા માર્ગમાં ગટરના અભાવે પાણી ભરાતા વેપારીઓ ત્રાહિમામ પોકારી ગયા છે. જ્યારે બગીચાથી નવા બસસ્ટેન્ડ તરફના માર્ગમાં બનાવેલી ગટર શોભાના ગાંઠીયા પુરવાર થઈ છે.

ડીસા શહેરમાં ગટરના કામો આયોજન વિનાના છે. સરદાર બાગથી ભણશાળી તરફ જતા રોડમાં ફૂટપાટ બનાવેલ છે પરંતુ ગટર ન આવ્યો છે. આ માર્ગ પર ગટર બનાવવા માટે વારંવાર નગરપાલિકાને રજૂઆત કરવામાં આવેલ છતાં ઉકેલ નહી આવતા શોભાનો ગાંઠીયો પૂરવાર થઈ છે. જ્યારે બગીચાથી એસસીડબલ્યુ તરફ જતા માર્ગમાં શાકમાર્કેટ સામે જે ગટર બનાવાઈ છે તે વેપારીઓએ



હોવાથી ચોમાસાનું પાણી રોડ પર ભરાયેલુ ંરહે છે. જેના કારણે વેપારીઓ, ગ્રાહકો અને રાહદારીઓ તેમજ વાહનચાલકોને ભારે હેરાનગતિ સહન કરવાનો વારો વેપારીઓમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે. જ્યારે બગીચાથી બસસ્ટેન્ડ તરફના માર્ગમાં પુટપાથની નીચે જે ગટર છે તેમાં પણ પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા ન હોવાથી આ ગટર પુરી દીધી હોવાથી પાણીનો નિકાલ થતો નથી. આમ નગરપાલિકાના અણઘડ આયોજનને કારણે લાખો રૂપિયાનો ધમાડો છતાં લોકોની સમસ્યા ઠેરના ઠેર રહેવા પામી છે.

# સાબરકાંઠા જિલ્લાના ધનસુરામાં પોણા બે અને બાયડમાં દોઢ ઈંચ વરસાદ


હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લામાં રવિવારના રોજ દિવસ દરમિયાન આઠ તાલુકામાં વરસાદ નોંધાયો હતો જ્યારે પાંચ તાલુકામાં વરસાદે વિરામ લીધો હતો. જેમાં ધનસુરામાં રવિવારના રોજ દિવસ દરમિયાન પોણા બે અને બાયડમાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો હતો. આ અંગે હિંમતનગર ખાતે આવેલ જિલ્લા ઈરમજન્સી ઓપરેશન સેન્ટરથી મળેલ માહિતી મુજબ રવિવારના રોજ દિવસ દરમિયાન જિલ્લાના આઠ તાલુકામાં જેમાં બાયડમાં ૩૯ મી.મી., હિંમતનગરમાં ૯ મી.મી., પ્રાંતિજમાં ૧૨ મી.મી. તલોદમાં ૫ મી.મી., વિજયનગરમાં ૯ મી.મી., પ્રાંતિજમાં ૧૨ મી.મી., તલોદમાં ૫ મી.મી., વિજયનગરમાં ૯ મી.મી., ધનસુરામાં ૪૫ મી.મી., મોડાસામાં ૩ મી.મી., અને વડાલીમાં ૧ મી.મી. વરસાદ નોંધાયો હતો. અને પાંચ તાલુકામાં વરસાદે વિરામ લીધો હતો પરંતુ જિલ્લામાં સર્વત્ર આકાશ વાદળછાયું રહ્યું હતું. હિંમતનગર ખાતે આવેલ સિંચાઈ કચેરી જાણવા મલેલ જિલ્લાના ડેમની પરિસ્થિતિ મુજબ રવિવારના રોજ ગુહાઈમાં ૨૦૦, માજુમમાં ૪૫૦, હાથમતીમાં ૨૫૦, હરણાવમાં ૨૮૦, મેશ્વોમાં ૧૫૦, ખેડવામાં ૧૫૦, ઈન્દ્રાશીમાં ૫૦, ક્યુસેકની આવક હતી પરંતુ જાવક ન હતી. જ્યારે વાત્રક ડેમમાં ૨૬૦૦ની આવક સામે ૫૦૦૦ની જાવક, વૈડીમાં ૧૭૦૦ની આવક સામે ૧૮૫૦ની જાવક અને વારાણસી ડેમમાં ૬૦૦ની આવક સામે ૧૫૦૦ ની જાવક હતી.

## બાયડની એન. એચ. શાહ હાઈસ્કૂલના વિદ્યાર્થી રાજયમાં પ્રથમ નંબરે

બાયડ, તા. ૭

વર્ષ ૨૦૧૧ માં લેવાયેલ પ્રખરતા શોધ કસોટીમાં જનરલ નોલેજના



વિષયમાં પટેલ વસિષ્ઠ, ડો મહેન્દ્રભાઈ તથા સાર્થક ડો સુનીલભાઈ સમગ્ર રાજયમાં ૯૯.૯૯ પી.આર. સાથે પ્રથમ આવ્યા છે. જયારે શાહ સાર્થક ડો સુનીલભાઈ વિજ્ઞાન અને ટેકનોલોજીમાં સમગ્ર રાજયમાં છઠ્ઠો અને ગણીતમાં બારમો ક્રમ મેળવી શાળાને રાજય કક્ષાએ અગ્ર સ્થાન અપાવ્યુ છે. વળી ધોરણ ૯માં ઉપાધ્યાય ધ્વની પટેલ, ક્રિમા જે.પટેલ, જીલ એમ., તથા ધોરણ ૮માં પટેલ જીલ, ચૌધરી મૈત્રી, દરજી દ્રષ્ટી, પટેલ ભદ્રા એસ., પ્રજાપતી ફાલ્ગુની અને શાહ અદીત કે., રાજયના પ્રથમ ૧૦૦૦ વિદ્યાર્થીઓમાં સ્થાન મેળવી શાળાને ગૌરવ અપાવવા બદલ શાળાના સૌ શિક્ષકો તથા તેમના માતા પિતાને બાયડ કેળવણી મંડળના સૌ હોદ્દેદારો તથા શાળાના આચાર્યશ્રી ઉન્મેષભાઈ પટેલ અને સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

# ૧૧ સપ્ટેમ્બરના રોજ બહુચરાજીથી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રાનો પ્રારંભ થશે

પાટણ, તા. ૯

૧૧ સપ્ટેમ્બર બહુચરાજીથી પ્રારંભ થઈ રહેલી ભાજપની સ્વામી વિવેકાનંદ યુવા વિકાસ યાત્રાનું ગુજરાત રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી નેતૃત્વ કરશે જેમાં ૧ મુખ્ય યાત્રા રહેશે તથા ૧૫૦ ઉપયાત્રાઓ સમગ્ર રાજ્યમાં જોડાશે અને ભાજપના રાષ્ટ્રીય નેતા રાજનાથસિંહ તથા અરૂણ જેટલી ઉપસ્થિત રહેશે.

બહુચરાજીના પવિત્ર ધાર્મિક સ્થળ અને આવનાર દિવસોમાં વિકાસનું કેન્દ્ર બનનારા આધ્યાત્મિક સ્થળથી આ યાત્રા સવારે ૧૦ કલાકેથી પ્રારંભ થઈ સાણંદ ખાતે સંપન્ન થશે. ૧૨ સપ્ટેમ્બરના રોજ યાત્રામાં વિરામ રહેશે. ૧૩ સપ્ટેમ્બરના રોજ દક્ષિણ ગુજરાતના ઉનાઈથી પ્રારંભ થઈ યાત્રા વલસાડ સંપન્ન થશે. જ્યારે ૧૪ સપ્ટેમ્બરના રોજ ચીખલીથી પ્રારંભ થઈ કામરેજ ખાતે સંપન્ન થશે. ઉપરાંત સમગ્ર રાજ્યમાં ફરનારી ઉપયાત્રામાં ભાજપના આગેવાનો સાંસદો, ધારાસભ્યો ગામે-ગામ ફરશે અને સ્વામી વિવેકાનંદજીના સંદેશને જન-જન સુધી પહોંચાડશે તેમ પ્રદેશ ભાજપના મહામંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું.

# એક જ દિવસમાં બે મેમા મળતા ખેડુત ધુંઆપુંઆ

પ્રાંતિજ, તા.૯

પ્રાંતિજ તાલુકાના ઓરણ-તાજપુર ગામના ખેડુતને જીપ ડાલામાં મજુરો મુકવા જતા હતા ત્યારે ડાલાને રોકી સાબરકાંઠા અને ગોધરા પોલીસે એક જ દિવસમાં બબ્બે મેમા આપી સમાધાન શૂલ્ક લેતા મુદ્દો ચર્ચાસ્પદ બન્યો છે. બનાવ અંગે ખેડુત ગ્રાહક હિત સુરક્ષામાં ન્યાયની દાદ માટે ગયા છે. પોલીસની હેરાનગતિનો ભોગ ઓરણ-તાજપુર ગામના ડાહ્યાભાઈ પટેલ બન્યા છે. બનાવમાં પોતાના જીપ ડાલામાં ખેતરમાં કામ કરતા મજુરોને ગોધરા તરફ મૂકવા જતા હતા ત્યારે બાયડ તરફ જવાના માર્ગે પોલીસે મેમો આપી સો રૂપિયાની શૂલ્ક પાવતી આપી હતી. ત્યાંથી આગળ જતા ખેડુતને ગોધરા પોલીસે સો રૂપિયાની શૂલ્ક પાવતી અને મેમો આપ્યો હતો. ખેડુતને એક જ દિવસમાં બબ્બે મેમા આપ્યા હતા. ખેડુત પોલીસની કનડગતથી તંગ આવીને આ બાબત કાયદાકીય છે કે પરેશાની તે બાબતે ગ્રાહક હિત સુરક્ષામાં ન્યાય માટે ગયા છે.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેકટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેકટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન